# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-08-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **હેમાંગિની સોનારા** વાંચે છે.

---

- ગુજરાત પરથી વાવાઝોડાનો ખતરો ટળી ગયો... અસના ચક્રવાત કચ્છથી આગળ ફંટાઇ જતા રાહત..
- રાજ્યમાં વરસાદનુ જોર ઘટ્યું .... છેલ્લા બાર કલાક દરમિયાન 60 તાલુકાઓમાં સામાન્ય વરસાદ... આવતીકાલે કચ્છ સહિતના ચાર જીલ્લામાં ભારે વરસાદની આગાહી..
- વડોદરાના પૂરપ્રકોપને કારણે અસરગ્રસ્ત લોકોને સહાય માટે પાંચ કરોડ રૂપિયાની તાત્કાલિક અસરથી ફાળવણી કરતી રાજ્ય સરકાર..
- અતિભારે વરસાદને કારણે પાણીમાં ફસાયેલા લોકોને ઉગારવા તેમજ સ્થિતિને સામાન્ય બનાવવા માટે તંત્ર દ્વારા યુધ્ધના ધોરણે કામગીરી..
- સાયબર છેતરપિંડીથી બચવા બ્રિટિશ સરકાર અને રાજ્ય સરકારના સહયોગથી સાયબર સુરક્ષિત ગુજરાત અભિયાનનો આજથી આરંભ થયો..
- કેન્દ્રીય મંત્રી અન્નપુર્ણા દેવીએ પાંચ રાજ્યોમાં પોષણ ટ્રેકર એપમાં ફેસ ઓથેન્ટિકેશન ફીચરના પાયલોટ પ્રોજેક્ટનો ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો..

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# GUJARAT-CYCLONE

કચ્છમાં અસના ચક્રવાતનું સંકટ ટળ્યું છે. અરબી સમુદ્રમાં રચાયેલ હવાનું તીવ્ર દબાણ પશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે અને આગામી 6 કલાકમાં ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાઈ જશે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, તે પશ્ચિમ તરફ આગળ વધીને કચ્છ અને પાકિસ્તાનના દરિયાકાંઠે ઉત્તર-પૂર્વ અરબી સમુદ્રમાં ઊંડું થવાની સંભાવના છે. અસના ચક્રવાત ભારતીય દરિયાકાંઠાને અસર કરે તેવી શક્યતા નથી કારણ કે તે આગામી બે દિવસમાં તેનાથી દૂર જવાની ધારણા છે.

દરમિયાન, કચ્છના જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સંભવિત ચક્રવાતને પહોંચી વળવા તૈયારીઓ કરી લેવામાં આવી છે અને નજીકના ઝૂંપડાઓમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. વાવાઝોડાને કારણે દરિયાની સ્થિતિ વધુ વણસી જવાની આશંકા હોવાથી મુન્દ્રા, કંડલા અને જખૌ બંદરો પર ચેતવણીના સંકેતો મુકવામાં આવ્યા છે. અમારા સંવાદદાતા જણાવે છે કે, આજે કચ્છ જિલ્લામાં બહુ ઓછો વરસાદ થયો હતો.

# RAIN

રાજ્યમાં તાજેતરમાં પડેલા અતિભારે વરસાદ બાદ આજથી વરસાદનું જોર ઘટી ગયું છે.. ગાંધીનગર સ્થિત સ્ટેટ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર સવારે છ વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધીમાં 60 તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે..જેમાં સૌથી વધુ વરસાદ ક્છમાં થયો છે. કચ્છના મુદ્રામાં 26 મીલીમીટર અને અંજારમાં 18 મીલીમીટર વરસાદ નોંધાયો હતો...

બીજી તરફ, હવામાન વિભાગે આગામી પાંચ દિવસ વરસાદનું પ્રમાણ ઘટવાની આગાહી કરી છે.. આવતીકાલે કચ્છ,જામનગર, દેવભૂમિ દ્વારકા અને પોરબંદરમાં અતિભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જ્યારે મોરબી, રાજકોટ, જૂનાગઢ અ ગીરસોમનાથમાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે મધ્ય,ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની કોઇ ચેતવણી આપી નથી..

# VADODRA-AAPDA SAHAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરાને પાંચ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. આપદાગ્રસ્ત પરિવારોને સહાયની ચૂકવણી કરવામાં આવી રહી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મુખ્ય સચિવ રાજકુમારે વડોદરા ખાતે ઉચ્ચસ્તરીય બેઠક યોજી સંબંધિત અધિકારીઓને સફાઇ, આરોગ્ય, વીજળી પુનઃ સ્થાપન તથા માર્ગ દુરસ્તીકરણની બાબતને યુદ્ધના ધોરણે શરૂ કરવા સૂચના આપી હતી.

વડોદરા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આપત્તિગ્રસ્તોને સહાયતા રકમ ચૂકવવા ઉપરાંત નુકસાનનો સર્વે કરવા માટે ૯૦ ટીમોની રચના કરાઇ છે, તેમાં આજે વિવિધ સ્થળે ફરજ બજાવતા ૬૦ તલાટી મંત્રીઓનો આ કામગીરીમાં સહયોગ લેવામાં આવી રહ્યો છે. આજથી વડોદરા શહેર અને ગ્રામ્ય પ્રાંત હેઠળના ચારેય મામલતદાર કચેરીઓ દ્વારા આપત્તિગ્રસ્તોના ઘરે જઇને ઘરવખરી નુકસાનીનો સર્વે કરવામાં આવી રહ્યો છે. તે સાથે આપદાગ્રસ્ત પરિવારોને સહાય રકમ પણ ચૂકવવામાં આવી રહી છે.

# RAIN- SAFAI ABHIYAN

ગુજરાતના મોટાભાગના જિલ્લામાં વરસાદના વિરામ બાદ પુનઃસ્થાપનની કામગીરી સાથે સફાઈ અભિયાન અને આરોગ્યલક્ષી કામગીરી યુધ્ધના ધોરણે શરૂ થઇ ગઇ છે..

રાજ્યમાં રાહત બચાવની મુખ્ય કામગીરીમાં કચ્છ જિલ્લામાં ૩૬૬ જેટલી સગર્ભા બહેનોમાંથી ૫૨ સગર્ભા બહેનોની પ્રસૂતિ તારીખ નજીક હોવાથી યોગ્ય કાળજી લઇ શકાય તે માટે નજીકના આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવી છે. માંડવી, અબડાસા, મુન્દ્રા અને ભુજ તાલુકામાં નીચાણવાળા તથા કાચા મકાન ધરાવતા ૮૦૦ નાગરીકોનું સ્થળાંતર કરીને સલામત સ્થળે આશ્રય આપવામાં આવ્યો છે. આ તમામ નાગરિકો માટે સામાજિક સંસ્થાઓની સહાયથી ફૂડ પેકેટ વિતરણ કરાયા છે.

વડોદરા શહેર-જિલ્લામાંથી પૂરના પાણી ઓસરતા જ સફાઈ અભિયાન અને આરોગ્યલક્ષી કામગીરીને પ્રાથમિકતા અપાઈ છે. વડોદરા શહેરમાં માર્ગો દુરસ્ત કરવા ૨૨૪ મેટ્રીક ટન વેટ મિક્સથી ખાડા પૂરાયા છે. શહેરભરના રસ્તાઓ રિપેર કરવા ૩૮ ટેક્ટરો, ૪૨ ડમ્પરો સાથે ૧૫૦ કર્મયોગીઓ દ્વારા થતી પૂરજોશમાં કામગીરી કરી રહ્યા છે. વડોદરા શહેરમાં રોગચાળા અટકાયતની યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે. ડોર ટુ ડોર સર્વે, મેડિકલ કેમ્પ, ફોગિંગ અને કલોરીનની ગોળીઓના વિતરણ માટે સઘન કામગીરી હાથ ધરાઇ છે. ૪૬,૨૮૦ જેટલા પરિવારોની ઘરે ઘરે જઈને આરોગ્ય તપાસ હાથ ધરાઇ છે.

જામનગર શહેરના અસરગ્રસ્ત વિસ્તારોમાંથી બે સગર્ભા મહિલા સહિત 290થી વધુ નાગરિકોનું રેસ્ક્યુ તેમજ 1550 નાગરિકોનું સ્થળાંતર કરી તેઓને સુરક્ષિત આશ્રયસ્થાન પૂરું પાડવામાં આવ્યું છે. સ્થળાંતરિત

કરાયેલા નાગરીકોમાં ૧.૪૦ લાખ જેટલા ફૂડ પેકેટ વિતરણ કરવામાં આવ્યા છે.

મોરબી જિલ્લાની નગરપાલિકાઓમાં પણ પાણી નિકાલ તેમજ સાફ-સફાઈ માટે ખાસ ટીમોની રચના કરીને તાત્કાલિક ધોરણે સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી છે..

બનાસકાંઠા જિલ્લામાં વરસાદ પછી ફેલાતા રોગચાળાને અટકાવવા ૭૭૦ ટીમો દ્વારા સર્વેલન્સ કામગીરી કરવામાં આવી રહી છે.

## CYBER SURKSHIT GUJ. KARYKRAM

ગુજરાત વાઇબ્રન્ટ સમિટમાં બ્રિટિશ હાઇ કમિશન સાથે ગુજરાત પોલીસના સાયબર સેલ વિભાગ દ્વારા ખાસ એમઓયુ કરવામાં આવ્યા હતા. સાયબર ક્ષેત્રમાં બ્રિટિશ હાઇ કમિશન અને રાજ્ય સરકારના સાયબર સેલ વચ્ચે સાયબર સુરક્ષિત ગુજરાત નામના એક કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો.

આ કાર્યક્રમમાં રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય,યુકે ઇન્ડિયાના સાઇબર મેનેજર ડોમિનીક ગ્લાન સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ અંગે સ્ટેટ સાયબર ક્રાઇમ સેલના પોલીસ અધિક્ષક ભરત સંઘ ટાંકે વધુમાં જણાવ્યું..

**(બાઇટ- ભરતસંઘ ટાંક)**

## POSHAN TRACKER APP- PILOT PROJECT

ગાંધીનગર ખાતે કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીના હસ્તે દેશના પાંચ રાજ્યમાં પોષણ ટ્રેકર એપમાં ફેસ ઓથેન્ટિકેશન ફીચરના પાયલોટ પ્રોજેક્ટનો આરંભ કરવામાં આવ્યો. આ પ્રસંગે રાજ્યના

મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

કેન્દ્રીય મંત્રીએ સેક્ટર-૩ ન્યુની આંગણવાડીની મુલાકાત લઈ આંગણવાડીના ઈન્ફરાસ્ટ્રક્ચરનું નિરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ, મંત્રીશ્રીએ ગુજરાત સહિત પાંચ રાજ્યમાં અમલી થનાર આ પ્રોજેકટનું નિરીક્ષણ કર્યું હતું અને સગર્ભા, ધાત્રીમાતાને પોષણક્ષમ પેકેટનું વિતરણ પણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, સરકારની આ પહેલ ડિજિટલ ઇન્ડિયાના દ્રષ્ટિકોણને વધુ પ્રબળ બનાવવા અને નાગરિકોને વધુ સારી સેવાઓ પ્રદાન કરવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# POSHAN MAS

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવી આવતીકાલે ગાંધીનગરથી સાતમાં "રાષ્ટ્રીય પોષણ માસ"ની ઉજવણીનો દેશવ્યાપી પ્રારંભ કરાવશે. મહાત્મા મંદિરમાં યોજાનારા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરિયા પણ ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે અન્નપ્રાશન, સગર્ભા, ધાત્રી માતા અને કિશોરીઓને પોષણ બાસ્કેટ વિતરણ કરાશે અને વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ પણ કરાશે. પોષણ માસ અંતર્ગત દેશભરમાં પોષણ આધારીત વિવિધ થીમ પર અનેકવિધ કાર્યક્રમો યોજાશે.

ઉલ્લેખનીય છે કે, સ્વસ્થ ભારતના નિર્માણની દિશામાં દેશની મહિલાઓ અને બાળકોમાં પોષણને સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮થી રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી કરવામાં આવે છે.

# BHARUCH- COLLECTOR

ભરૂચ કલેકટર તુષાર સુમેરાએ જંબુસર અને આમોદના પુરગ્રસ્ત ગામોની મુલાકાત લઈ સ્થળાંતર સહિતની પ્રક્રિયાનું નિરીક્ષણ કર્યું હતું..

ભરૂચના આમોદ અને જંબુસર નજીકથી પસાર થતી ઢાઢર નદી હાલ ભયજનક સપાટીએ વહી રહી છે.. 15થી વધુ ગામોમાં પૂરના પાણી ફરી વળ્યા છે.. જે ગામો સંપર્ક વિહોણા બન્યા છે.. વધુમાં જીલ્લા કલેક્ટરે આ મુજબ જણાવ્યું..

**(બાઇટ- તુષાર સુમેરા- કલેક્ટર-ભરૂચ)**